# આત્મદ્રવ્યથી ભિન્ન પરચિંતન

**द्वितीये वस्तुनि सति चिंता भवेत्, ततः चिंतयाः सकाशात् कर्म, तेन कर्मणा कृत्वा जन्म संसार वर्तते।**

પરચિંતન કરવું તે જ કર્મબંધનું કારણ છે. તે કર્મવડે જન્મ-સંસાર વર્તે છે. એ પરચિંતનનો ત્યાગ કરી પવિત્ર આત્મદ્રવ્યનું ચિંતન કરવું તે કેવળ મોક્ષનું જ કારણ છે.

સજીવ અને નિર્જીવ બન્ને પદાર્થોથી આ વિશ્વ ભરેલું છે. સજીવ પદાર્થમાં અનંતા જીવદ્રવ્યો છે. અજીવ પદાર્થમાં જીવદ્રવ્ય કરતાં અનંતગુણા જડદ્રવ્યો છે. અનંતા જીવદ્રવ્યોમાંથી પોતાના આત્માને જુદો કરીને તેનો વિચાર કરવો; તેનું ચિંતન કરવું અને તેમાં જ સ્થિર થઈ રહેવું તે જ મોક્ષનું કારણ છે. તે સિવાય બાકી રહ્યા તે સર્વે સજીવ અને નિર્જીવ દ્રવ્યો છે. તે પરદ્રવ્ય છે. તેનું ચિંતન કરવું, તેમાં શુભાશુભ ઉપયોગ દેવો અને તેમાં તદાકારે પરિણમવું તે પરદ્રવ્યનું ચિંતન કહેવાય છે, જે કર્મબંધનું કારણ છે.

ચિંતન બે પ્રકારે થાય છે. એક તો તેના સ્વરૂપનો વિચાર કરી પરિણામે દુઃખરૂપ જાણી તેનાથી પાછા હઠવારૂપે હોય છે. બીજું ચિંતન રાગદ્વેષની લાગણીથી થાય છે. અહીં જે વાત કહેવામાં આવે છે, તે રાગદ્વેષની લાગણીઓ પેદા કરનાર ચિંતનના ત્યાગ માટે છે.

જડ વસ્તુનું ચિંતન તેના આકર્ષક ને મોહક ગુણને લઇને થાય છે અને બીજું તેના સ્વભાવથી આત્માનો સ્વભાવ જુદો છે તેની સરખામણી અથવા નિશ્ચય કરવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માટે થાય છે. પ્રથમનું ચિંતન ત્યાગ કરવા યોગ્ય છે. બીજું ચિંતન વસ્તુતત્ત્વના નિર્ણય માટે કરીને તેનો નિશ્ચય થયા પછી જ ત્યાગ કરવા યોગ્ય છે. આત્મવસ્તુના ચિંતનમાં પણ અનંતા આત્મદ્રવ્યો છે. તેમાંથી જ્ઞાતાદૃષ્ટાપણું, સુખદુઃખના અનુભવ કરવાપણું પોતાનું પોતાને ઉપયોગી છે અને પોતા માટે પોતામાં જ અનુભવો થાય છે: માટે બીજા અરિહંતાદિ પવિત્ર આત્મા સાથે પોતાની સરખામણી કે નિશ્ચય કરી લીધા પછી પોતામાં જ સ્થિરતા કરવાની છે અને તે સિવાયના બીજા જીવોના ચિંતનનો તો અવશ્ય ત્યાગ કરવા યોગ્ય છે.

આગળ વધવામાં આલંબન માટે શ્રી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને મુનિરાજ—આ પાંચ પરમેષ્ઠિની મદદ લેવામાં આવે છે. પરંતુ માળ ઉપર ચડવામાં જેમ નિસરણીની સહાય લેવામાં આવે છે, તેમ આત્મદ્રવ્યથી જુદા તે અરિહંતાદિની મદદથી આગળ વધવું અને માળ ઉપર ચડી ગયા પછી જેમ નિસરણીનો ત્યાગ કરવામાં આવે છે, તેમ શુદ્ધ આત્મદ્રવ્યની પ્રાપ્તિ થયા પછી આ મદદગારોના ચિંતનનો પણ ત્યાગ કરવાનો હોય છે.

જે જે આત્માઓ જેટલા જેટલા આગળ વધ્યા હશે—તેમનો આત્મા જેટલો નિર્મળ થયો હશે, તેના પ્રમાણમાં તે પરવસ્તુના ચિંતનનો ત્યાગ કરી શકશે. આગળ વધવામાં **પ્રથમ વૈરાગ્યની ભૂમિકા** છે. દોષદર્શન વૈરાગ્યવાળાને દુનિયાની ઘણીખરી વસ્તુમાં દુઃખ જ દેખાય છે. તે દરેક વસ્તુની કાળી બાજુ જોઈને તેમાં દોષ જણાતાં તેનો ત્યાગ કરશે. આવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાગની પ્રથમ ઘણી જરૂર છે. આવો ત્યાગ તેના માર્ગમાં મુખ્યતાએ વિઘ્નરૂપ જણાતી રાજ્યવૈભવ, સ્ત્રી, પુત્ર, ધન, મિત્રો, કુટુંબો સંબંધીઓ, ઘર, જમીન આદિ તમામ વસ્તુઓનો ત્યાગ કરાવશે. આ ત્યાગથી મોહ ઉત્પન્ન કરાવનારાં અને દુનિયાના બંધનમાં બાંધી રાખનારા કર્મબંધનનાં ઘણાં કારણો ઓછા થશે, છતાં શરુઆતનો આ ત્યાગ હોવાથી એકનો ત્યાગ કરાવી બીજી વસ્તુઓનો તે સંગ્રહ કરાવશે. તે ત્યાગી થશે ત્યાં માતાપિતાના ઠેકાણે તેને ગુરુની જરૂર પડશે, ભાઈઓના ઠેકાણે ગુરુભાઈઓ સ્થાન લેશે, પુત્ર–પુત્રીઓના ઠેકાણે શિષ્ય-શિષ્યાઓ આવશે, ઘરના ઠેકાણે ઉપાશ્રય–મઠ–ધર્મશાળાદિ સ્થાન ગ્રહણ કરવાં પડશે, ધનના ઠેકાણે પુસ્તકો આવશે, તાબાં–પિત્તળ–સોના–રૂપાના વાસણોના સ્થાને લાકડાનાં ઉપકરણો ગોઠવાશે, વસ્ત્રોનો રૂપાંતરે સંચય કરવો પડશે અને નોકર–ચાકરાદિના સ્થાને ગૃહસ્થ શિષ્યોનો સમુદાય હાજરી આપશે.

આમ એકના ત્યાગ પછી બીજાનું ગ્રહણ કરવાનું આવે છે, છતાં પ્રથમ કરતાં આ રૂપાંતર ઘણું સારું છે, આગળ વધવામાં તે મદદગાર સાધન છે. પાપ–આશ્રવનાં સાધનોના ઠેકાણે પુન્ય–આશ્રવનાં કારણો આ છે. અશુભના સ્થાને એ શુભ સાધનો છે. તાત્ત્વિક મમત્વવાળાને બદલે ઉપર ઉપરની લાગણીવાળાં છે એટલે મજબૂત બંધન કે પ્રતિબંધરૂપ નથી.

આટલું છતાં જો પ્રથમનો વૈરાગ્ય વૈરાગ્ય બન્યો રહે, તે ચાલ્યો ન ગયો હોય એટલું જ નહિ પણ તેમાં દિન પર દિન વધારો થતો રહ્યો હોય, તો આગળ વધતાં, સૂત્ર-

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

સિદ્ધાંત ભણતાં, ગુર્વાદિકની સેવા કરતાં અને સત્સમાગમમાં રહેતાં તાત્ત્વિક ત્યાગ જેને '**જ્ઞાનગર્ભિત વૈરાગ્ય**' કહેવામાં આવે છે તે પ્રગટ થાય છે. પરંતુ જો તે વૈરાગ્ય અમુક દિવસ પૂરતો જ હોય, વ્યવહારના કંટાળાથી જ ઉત્પન્ન થયેલો હોય અથવા અમુક વસ્તુના અભાવથી ઉત્પન્ન થયેલો હોય, તો આ પુસ્તકાદિ જે રૂપાંતરે ગ્રહણ કરેલાં છે તે જ પ્રતિબંધ અને મમત્વના સ્થાન થઈ પડશે. સ્ત્રી–પુત્રાદિ જે બંધનનાં કારણો હતાં, તેના કરતાં આ શિષ્ય–શિષ્યાદિ વધારે બંધનનાં નિમિત્તો થશે. પ્રથમના કર્મબંધના કારણોથી આ વિશેષ બંધનનાં કારણો થઈ પડશે. પ્રથમ જેને પ્રતિબંધરૂપે પ્રભુના માર્ગમાં આ જીવ માનતો હતો, તેને હવે આ રૂપાંતરે ગ્રહણ કરેલાં સાધનો પ્રભુના માર્ગમાં વિશેષ પ્રકારે પ્રતિબંધરૂપે થશે, આત્મભાન ભૂલાવશે, આસક્ત બનાવશે અને છેવટે આગળ વધવામાં અશક્ત બનાવી મૂકશે.

જો પ્રથમના ચાલુ વૈરાગ્યમાં વધારો થતો રહે, આત્મા તરફનું નિશાન મજબૂત થાય, ગમે તે ભોગે આત્મસ્વરૂપ પ્રગટ કરવું જ છે એ નિશ્ચય દૃઢ થાય, આ શુભ બંધનોમાં પણ ક્યાંઈ ન બંધાયો હોય, મત–મતાંતરના કદાગ્રહો સ્યાદ્વાદ શૈલીના જ્ઞાનથી તોડી પાડ્યા હોય, ક્રોધ–માનાદિ કષાયોને પાતાળા કરી નાંખ્યા હોય અને ગુરુકૃપાથી આત્મતત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત થયું હોય, તો તેનો વૈરાગ્ય તત્ત્વજ્ઞાનના રૂપમાં બદલાઈ જશે.

હવે તેને કર્મકાંડથી પડેલા મતભેદ નજીવા લાગશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અપેક્ષાએ તે બધા મત-મતાંતરોના સવળા અર્થો અને નિર્ણયો કરી શકશે. તેને મન પોતાનું અને પારકું હવે રહેશે નહિ, તેમજ કોઈ પોતાનું કે પારકું નથી અથવા બધા પોતાના છે એવો દિવ્ય પ્રેમ પ્રગટ થશે. ગમે તે ગચ્છ-મતનો હોય છતાં આ ગુણીને દેખીને તે મતાંતરવાળાને પણ પ્રેમ અને પૂજ્યબુદ્ધિ પ્રગટ થશે. તેનું નિશાન એક સત્ય આત્મા જ રહેશે. તેની નજરમાં હજારો માર્ગો દેખાઈ આવશે અને કોઈ પણ માર્ગે પ્રયાણ કરનારને કાં તો તેનું નિશાન બદલાવીને-કાં તો તેની અપેક્ષા સમજાવીને બીજા માર્ગ તરફ અપ્રીતિ કે દ્વેષની લાગણી બંધ કરાવી પ્રભુમાર્ગનો રસિક બનાવી શકશે. તેના ગમે તે કર્મમાર્ગમાં પણ જ્ઞાનની મુખ્યતા હશે. તેના સહજ વાર્તાલાપમાં પણ આત્મજ્ઞાન ભરેલું હશે. તેની ધાર્મિક દેશનામાં પણ આત્મમાર્ગ જ ડગલે ને પગલે પોષાતો રહેશે. તે વ્યવહારથી બધાને બોલાવશે, બધાને ચાહશે, છતાં તેનું હૃદય નિર્લેપ જ રહેશે. 'હું આત્મા છું, શુદ્ધ આત્મા છું'-આ નિશાન અને હૃદયની ભાવના તદાકારે પરિણમતી રહેશે. તેને કોઇ પરચિંતનનો અધ્યવસાય નહિ હોય. પહેલાં વસ્તુની કાળી બાજુને તે જોતો હતો, હવે તેની દૃષ્ટિ બધી બાજુ જોનારી થશે, છતાં તેનું હૃદય ઉજવળ બાજુ તરફ જ પ્રવૃત્તિ કરતું રહેશે અને કાળી બાજુની ઉપેક્ષા કરશે: અથવા કાળી બાજુના સ્વભાવને જાણીને અમુક ભૂમિકામાં એમ જ વર્તન હોય, એવી જ લાગણી હોય એમ માનીને પોતે પોતાના નિશાન તરફ લક્ષ્ય રાખીને આગળ ને આગળ ચાલ્યા કરશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવી રીતે બન્ને વસ્તુના સ્વભાવને જાણનાર તે રાગદ્વેષ ન કરતાં પોતાના સ્વભાવમાં જ રહેશે.

જેમ જેમ આત્મા આગળ વધતો જાય છે, તેમ તેમ પરવસ્તુના ચિંતનનો ત્યાગ તેનામાં વધારે ને વધારે થયા કરે છે. આ વૈરાગ્ય છેવટે સમભાવના રૂપમાં બદલાઈ જાય છે. એ સમભાવમાં નહિ રાગ કે નહિ દ્વેષ, પણ કેવળ મધુર શાંતિ જ હોય છે. આ શાંતિમાં આવતા પરવસ્તુનું–પૌદ્ગલિક વસ્તુનું ચિંતન લગભગ બંધ થાય છે. તેની મીઠી નજરથી બીજાને શાંતિ મળે છે. તેનો ઉપદેશ ઘણેભાગે અમોઘ હોય છે. એક વાર કહેવાથી જ બીજા ઉપર સારી અસર થાય છે. તેની આજુબાજુ નજીક આવેલા જીવોના વેર–વિરોધ શાંત થાય છે. આ તેના સમભાવની છાયા છે. આ ભૂમિકા પછીની ભૂમિકામાં મનની ઊઠતી વૃત્તિઓનો ક્ષય થાય છે. હવે તેના મનમાં સંકલ્પો કે વિકલ્પો બીલકુલ ઊઠતાં નથી. જે છે તે વસ્તુ છે. તેમાં વચનને કે મનને પ્રવેશ કરવાનો અધિકાર નથી. તેનું મન મનાતીત વસ્તુમાં લય પામી જાય છે. આત્માના અખંડ સુખનો તે ભોક્તા બને છે. આ વિશ્વ તેને હસ્તામલકવત્ દેખાય છે. હાથમાં રહેલું આમળું જેમ જોઇ શકાય છે, તેમ તે વિશ્વને જોઇ શકે છે. આ સર્વ પ્રતાપ આત્મા સિવાય અન્ય વસ્તુનું ચિંતન ન કરવાનો જ છે. આ પરવસ્તુના ચિંતનનો ત્યાગ આમ ક્રમસર વૈરાગ્યની વૃદ્ધિથી અને સત્ય તત્ત્વના જ્ઞાનથી બને છે.

જેવી રીતે પરદ્રવ્યોનું નિરંતર ચિંતન કરવામાં આવે છે, તેવી જ રીતે જો આત્મદ્રવ્યનું સ્મરણ કરવામાં આવે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો મુક્તિ હાથમાં જ છે. જેવો પ્રયત્ન લોકોને રંજન કરવાને નિરંતર કરો છો, તેવો પ્રયત્ન જો તમારા આત્માને માટે કરો તો મોક્ષપદ તમારા માટે છેટું નથી. પરને રંજન કરવા તે વિભાવ પરિણામ છે. આત્મા સ્વભાવરુપ છે. સ્વભાવદશામાં આવ્યા વિના તાત્ત્વિક સુખ નથી. સદ્ગુરુ પાસેથી આત્મજ્ઞાન મેળવી, અન્ય સંગનો ત્યાગ કરી, આત્માનું અવલંબન લઈ તેમાં સ્થિર થવાથી આ પરદ્રવ્યનો અવશ્ય વિયોગ થાય છે, માટે આત્મદ્રવ્યમાં જ પ્રીતિ કરવા યોગ્ય છે. તત્ત્વદષ્ટિવાળાને શું ત્યાગ કરવા યોગ્ય નથી ? અર્થાત્ સર્વ છે. આત્મસ્વરૂપની પ્રાપ્તિ વિના રાજ્યથી, સ્ત્રીઓથી, ઈન્દ્રિયોના વિષયોથી, કલ્પવૃક્ષો અને કામધેનુ આદિથી પણ કોઈ કૃતાર્થ થયો નથી અને થશે પણ નહિ. **જ્ઞાનસારમાં** વાચકવર પૂ. **ઉપાધ્યાયશ્રીએ** કહ્યું છે કે—

**" पुद्गलैः पुद्गलास्तृप्तिं यान्त्यात्मा पुनरात्मना ।**
**परतृप्तिसमारोपो ज्ञानिनस्तन्न युज्यते ॥ १ ॥ "**

**અર્થાત્**–પુદ્ગલથી પુદ્ગલ તૃપ્ત પામે છે અને આત્મા આત્માથી તૃપ્ત પામે છે, માટે પરતૃપ્તિનો–પરચિંતનનો સમારોપ જ્ઞાની–મુનિરાજને ઘટતો નથી.

♠ ♠ ♠

## આત્માર્થ અર્થે જિનાગમ

શ્રી જિનાગમ ઉપશમસ્વરૂપ છે. ઉપશયસ્વરૂપ એવા સત્પુરૂષોએ ઉપશમને અર્થે પ્રરૂપ્યા છે તે ઉપશમ આત્માર્થે છે, અન્ય કોઈ પ્રયોજન નથી. આત્માર્થમાં જો તેનું આરાધન કરવામાં ન આવ્યું તો તે જિનાગમનું શ્રવણ–વાંચન નિષ્ફળરૂપ છે.

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org